# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

માણે મહેફિલો નશાની, મોજ મસ્તીમાં રાચે છે,
ટાંચે છે કોર્ટ ઘાંચે છે ન્યાય, જામીન ચાંચે છે,
છે પાંચે આંગળી એની ઘી માં પગ દાબે પોલીસ -
કરોડપતિઓ કને આપણા કાયદા નાચે છે..
(જામીન - સ્ટે - ઇદ)

## હાઇકુ

ફૂટ્યો અશ્રુથી -
દંભી દયા-પ્રાપ્તિનો -
'ટાઇમ' બૉંબ

શોષણ 'ખેલ'
ચઢતી નથી વેલ
સહારા વિના..
(ગોડફાધરને સમર્પિત થાવ!)

## ચિંતન

દુરાદુરિછ્રત પાણિરાદ્રં નયનઃ પ્રોત્સારિતા ર્ધાસનો
ગાઢાલિંગનો તત્પરઃ પ્રિયકથા પ્રશ્નેષુ દત્તાદરઃ ।
અન્તર્ભૂત વિષો બર્હિ મધુમયશ્ચાતીવ માયાપટુઃ
કો નામાયમ પૂર્વનાટકવિધિર્યઃ શિક્ષિતો દુર્જનૈઃ ॥

એવા લુચ્ચા-શઠ-દંભી જનો હોય છે. જે કોઇ માણસને દૂરથી આવતાં જોવાની સાથે બે હાથ લાંબા ઊંચા કરીને - આંખમાં ખોટાં આંસુ લાવીને - પોતાની અર્ધું આસન આપે અર્થાત્ પોતાની પાસે બેસવાની જગ્યા ન હોય તો પણ આવકારે છે. ગાઢ આલિંગન આપી ભેટે છે. (જપ્પી આપે છે) તેમજ તેમના સગાં-વહાલાં અને સંબંધીઓના કુશળ-મંગળ પૂછે છે. ખોટા આદર બતાવે છે. આવી રીતે દુર્જનો નાટકીય રીતે તો બહારનો બધો જ વ્યવહાર દેખાવો તો ગમી જાય તેવો હોય છે, પરંતુ, તેમને હૃદય અંદરથી છળ-કપટથી ભરેલું ઝેરીલું જ હોય છે આ બધી રીતે - એ નાટકની જેમ શીખેલી હોય છે અને માત્ર બાહ્ય દંભ જ હોય છે.

## સુવિચાર

- જીવન એટલું ઝઝુમવું, ઝુઝવું, શોધવું, પામવું અને અણનમ રહેવું - એસ. ભટ્ટાચાર્ય
- અંતરને શુદ્ધ કરે એ ભક્તિ, અંતરને અશુદ્ધ કરે તે આસક્તિ - નવનિત
- જીવન સુખ અને લોહીના સગપણ કરતાં વેદનાનું સગપણ વધુ ટકે છે- ખલિલ જિબ્રાન
- ઝઘડાથી બચવું શ્રેષ્ઠ છે, છતાં પણ જો ઝઘડો થઇ જ જાય તો સામેવાળાને તમારા તેજ, બળ અને પૌરુષ દેખાડી દેજો - શેક્સપિયર
- જયોતિષને મળવાનું રહેવા દે, રેખાઓ જોવડાવવાનું રહેવા દે.. આવ્યો છે જીવવા, જીવી લે... જિંદગીનું અંદાજપત્ર કાઢવાનું રહેવા દે... - ભરત વિંઝુડા
- ચારિત્ર્ય એ જ છે કે જે વિપત્તિઓની મજબૂત દિવાલોમાંથી પણ પોતાનો માર્ગ શોધી કાઢે છે - સ્વામી વિવેકાનંદ
- બે બાબતોથી હંમેશા ડરો.. એક તો પરમેશ્વર અને બીજું કે જે વ્યક્તિ ને પરમેશ્વરનો ડર નથી તેનાથી - યહૂદી કહેવત

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

ખાયકી-કૌભાંડો-ભ્રષ્ટાચાર-સ્વચ્છતા વિશે આપણા નેતાજીઓ જુસ્સાભેર ભાષણો ભરડે છે પણ સત્તા મળતાં બધું જ ભૂલી જાય છે. આદર્શોને આચરણમાં મૂકવા જોઇએ.

એક સ્કૂલમાં... 'પ્રાણી માત્ર પ્રત્યે સેવાને અનુકંપા' વિશે વકતૃત્ત્વ સ્પર્ધા હતી દસ વિદ્યાર્થી ફાઇનલમાં હતા. પાંચ વિદ્યાર્થીએ જુસ્સાભેર ભાષણ કર્યા. ત્યાં હોલની ઉપરની કાચની બારી અને સળિયા વચ્ચે એક કબૂતર ફસાયું હતું. બહાર નિકળવા માટે પાંખો ફફડાવી પ્રયત્નો કરતું હતું પણ ફરી થાકી જાય એટલે શાંત થઇ જતું હતું.

એક સ્પર્ધક વિદ્યાર્થીનું ધ્યાન ગયું. ઝડપથી સ્કૂલના એ હોલને ધાબે ગયો અને કાચની બારી અને સળિયા વચ્ચે ફસાયેલું કબૂતર એણે બહાર કાઢ્યું.

દરમિયાન બોલવા માટે તેનું નામની ઘોષણા થઇ ગઇ. 'હાજર નથી' નથી નોંધ સાથે - બાકીના બે વિદ્યાર્થીના ક્રમ પછી સ્પર્ધા પૂરી થઇ. પરિણામ જાહેર થયું. બોલનારા નવ વિદ્યાર્થીમાંથી કોઇને પણ ઇનામ ન મળ્યું પણ ન બોલનાર પેલો વિદ્યાર્થીનું ઇનામ માટે નામ ઘોષિત થયું..

જજે ખૂલાસો કર્યો. જૂસ્સાભેર 'સેવા' વિશે બોલવા કરતાં આ સ્પર્ધકે સેવાને આચરણમાં મૂકી (ઇનામની પરવા કર્યા વિના...) બધાએ નિર્ણય તાળીઓથી વધાવી લીધો.

Email - sureshchandrabhatt18@gmail.com

# વલ્લભીપુર, રાજલા, દ્વારકા અને હરિદ્વારમાં સંન્યાસ આશ્રમના સ્થાપક બ્રહ્મલીન નિત્યાનંદ બાપુ

ગુરુ વિના જ્ઞાન ન ઉપજે, ગુરુ વિના મિટે ન ભેદ;
ગુરુ વિના સંશય ન ઘટે, જય જય જય ગુરુદેવ.

પરમપૂજ્ય, બ્રહ્મલીન નિત્યાનંદ બાપુ પડછંદ શરીર અને સ્થૂળ, સૂક્ષ્મ ઊંચાઇ પણ એવી. મારા નાના સ્વ. બેચરભાઇને (લીંબડા હનુભાના - ભાવનગર) ત્યાં આજથી ૫૫ વર્ષ પૂર્વે બાપુ પધારતા. મારા માતા નર્મદાબહેન અને પિતા પુરુષોત્તમભાઇની નિત્યાનંદ બાપુ પ્રત્યેની ગુરુભક્તિ આજેય અમારા પરિવારમાં ભાવનગર, રાજકોટ, સુરત અને અમદાવાદમાં જળવાઇ રહી છે.

'સૂક્તાવલી સહિતા સારુકતાવલી' (ગુજરાતી અનુવાદ) ગ્રંથપ્રસાદ આજેય મને માર્ગ ચીંધે છે. આ ગ્રંથનું સંપાદન પૂ. નિત્યાનંદજી બાપુએ પ્રકાશક નંદલાલભુતા ફાઉન્ડેશન, મુંબઇ દ્વારા વિ. સંવત ૨૦૪૬ ફાગણ સુદ-૧ તા. ૨૬-૦૨-૧૯૯૦ના રોજ કર્યું હતું. શ્રી મત્પરમ્ પૂજ્યપાદ સ્વામીશ્રી શિવાનંદજી સરસ્વતી મહારાજ ઉર્ફે શ્રી સેવારામ બાપૂ. નિત્યાનંદજીના ગુરુને વંદનાથી ગ્રંથનો પ્રારંભ થયો છે.

વેદોક્ત પ્રાર્થના કરી. પૂ. નિત્યાનંદજી બાપુએ પૂ. શિવાનંદજીનું જીવનચરિત્ર આલેખ્યું છે. સ્વામીજીના ગુણ; પોતાનો સંત સમુદાય, તેમનાં નામ તથા ગુણભક્તોનાં નામ-ઠામ લખતાં મોટું-પુસ્તક થાય પણ નિત્યાનંદ બાપુએ ટૂંકમાં લખ્યું છે. આ ગ્રંથનો પ્રસાગ મારા મનને, જાગૃત રાખે છે, મને માર્ગદર્શન પૂરું પાડે છે.



## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

મારી પાસે ધન, વૈભવ, બંગલા નથી પણ પરિવારમાં સંસ્કાર, શિક્ષણ, ગુણ અને ધર્મ માતા-પિતા અને ગુરુ પૂ. નિત્યાનંદ બાપુના આશીર્વાદથી જળવાઇ રહ્યા છે.

'વ્યાખ્યાન માળા' નામના ગ્રંથનું સંપાદન પણ પૂ. નિત્યાનંદબાપુએ ૧૯૮૪માં નંદલાલભુતા ફાઉન્ડેશન, મુંબઇના પ્રકાશનથી કર્યું. પૂ. નંદલાલભાઇ ભુતા આમ તો ભાવનગર પાસેના સિહોરના વતની અને તેમના સંતાનોએ પણ આ વારસો જાળવ્યો છે.

સ્વ. નંદલાલ મુળઝી ભુતા તેમજ સ્વ. જમનાબેન નંદલાલ ભૂતાએ જાતે અનેક દુઃખો વેઠીને મા જગદંબા ઉપરની અડગ શ્રદ્ધાના બળે સંતાનોને લાડકોડથી ઉછેરી સંસ્કારો, ભક્તિ અને જીવન જીવવાનું સાચું ધ્યેય સમજાવ્યું ઉપરાંત ધર્મજિજ્ઞાસા સતત રાખવા પૂ. સ્વામી નિત્યાનંદજી બાપુના તેઓ સતત ઋણી રહ્યા છે.

પૂજ્યપાદ શ્રી શિવાનંદજી સરસ્વતીનું જીવન ચરિત્ર આલેખનતા પૂર્વે પૂ. નિત્યાનંદજી બાપુએ દ્વારકા વિષે લખ્યું છે : 'ભારત દેશ બીજા દેશોની સરખામણીમાં સ્વાભાવિક રીતે પવિત્ર છે. કારણ કે, આ દેશમાં અવતારો મહાપુરુષોએ જન્મ લીદો છે. એમાં પણ સૌરાષ્ટ્ર દેશની અધિક વિશેષતા છે, ભૌગોલિક દૃષ્ટિથી પણ વિશેષતા છે. જેની ત્રણ બાજુએ તો સમુદ્રનું રક્ષણ છે અને જેની આબોહવા સમશીતોષ્ણ છે અને જેને ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીએ પણ જેને મરણીય પ્રદેશ માનીને પોતાનું નિવાસ-સ્થાન દ્વારકામાં રાખ્યું હતું.'

'સૌરાષ્ટ્રમાં' બાર જયોર્તિર્લિંગો પૈકી એક સોમનાથજીનું સ્થાન ઘણું જ પ્રસિદ્ધ છે, એવો આ સૌરાષ્ટ્ર પ્રદેશ ઘણાએ ઋષિમુનિઓ અને સંતો તથા ભક્તો તથા શૂરવીરો અને સતીઓને લીધે પવિત્ર બન્યો છે.

જૂનાગઢમાં નરસિંહ મહેતા ભક્ત, પોરબંદરમાં સુદામા ભક્ત અને મહાત્મા ગાંધીજી પ્રસિદ્ધ થઇ ગયાં છે. અનેક ભક્તો તથા સંતોએ આ ભૂમિને પવિત્ર કરી છે.

પૂ. નિત્યાનંદજી બાપુ ભાવનગર અમારા નિવાસે પધારતા ત્યારે તેમની સેવા થતી અને તેમના સત્સંગનો લાભ પણ મળતો હતો. ફળિયાની જમરુખડીનો છોડ એમણે રોપ્યો હતો. તે જમરુખડીમાં આજે ૫૫ વર્ષ પછી પણ લાલ, મીઠા-મધુરા જમરુખ આવે છે.

પૂ. નિત્યાંદજી ભાવનગર સંન્યાસ આશ્રમમાં પણ પધારતા. રાજુલા, વલ્લભીપુર અને દ્વારકા સંન્યાસ આશ્રમમાં હું અને મારા ધર્મપત્ની હેતલતેમજ બાલખોને પૂ. નિત્યાનંદજીની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થઇ છે. ભાવનગરથી મારી બદલી ૧૯૮૭માં રાજકોટ થઇ.

પૂ. બાપુ મને નિયમિત પત્રોલખતાં હતા. પત્રમાં માર્ગદર્શન હોય, રસ્તો મળે તેવી શિખામણ હોય. તેઓ વારંવાર લખતા હતા કે, 'જરા પણ દુઃખ ન લગાડો અને આનંદથી કાર્ય કરો.' ભલે જુદા હો, પણ ઘરનાની સાથે અને ભાઇઓ સાથે સંપથી, પ્રેમથી રહો. માબાપની આજ્ઞાનું પાલન કરો, પછી કામ કરો, જો... જો, ઘણો જ લાભ થશે.

પૂ. નિત્યાનંદ બાપુ બ્રહ્મલિન થયાં ત્યાં સુધી તેઓનાં પત્રો આશીર્વાદરુપ પ્રાપ્ત થયા છે તે પણ પ્રસાદ આજે પણ મને સરસ રીતે જીવાડે છે. ગુરુપૂર્ણિમાએ તો ખાસ પત્ર આવે અને આશિષ પણ મળે. મારા માટે પરિવાર માટે આથી વિશેષ સુખ કયું હોય?

ગુરુપૂર્ણિમાની પત્રિકાનું પ્રકાશન હોય કે ગુરુ મહારાજના ફોટા ઉપરથી પ્રોસેસ માટે બ્લોક બનાવવાનું કામ કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે. આમંત્રણ પત્રિકામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂ. સદ્ગુરુશ્રી નિત્યાનંદજી તથા પૂ. સેવારામ બાપુ, પંડિતજી મહારાજની પર મૂર્તિઓનું પૂજન, ધૂપ, દીપ, આરતી, પ્રસાદ વ. થશે.

ભાવનગર મારા મોટાભાઇ વજુભાઇ અને ભાણેજ રાજેશભાઇ ગજ્જર દ્વારા પરમપૂજ્ય સદ્ગુરુદેવ કરુણાવતાર બ્રહ્મલિન સંતશ્રી નિત્યાનંદજી બાપુશ્રીની પુણ્યતિથિ મહોત્સવ તા. ૨૯-૦૩-૨૦૧૩ની પત્રિકા મળી હતી પણ જઇ શકાયું નહોતું.

પણ હાલ પ.પૂ. શ્રી સુબોધાનંદજી બાપુએ દ્વારકા શ્રી સંન્યાસ આશ્રમની બાગડોર સરસ રીતે સંભાળી લીધી છે. શ્રી સંન્યાસ આશ્રમ, હોસ્પીટલ રોડ, દ્વારકા ખાતે (જી. જામનગર) છે. ખરેખર આજે પણ સનાતન ધર્મના સંતો કોઇ વાદ-વિવાદમાં પડ્યા વિના, પ્રચાર-પ્રસારનો મોહ રાખ્યા વિના 'દેને કો ટુકડા ભલા લેને કો હરિ નામ' પંક્તિને ચરિતાર્થ કરે છે.

પૂ. શ્રી સુબોધાનંદજી બાપુના મો. નં. છે : ૯૪૨૯૬૬૧૦૦૮

# બોલો, તમે કદી કુદરતની સામે પડશો?

## રોહિતોપદેશ

- રોહિત શાહ

સત્કાર્ય માટે પ્રત્યેક પળ શુભ મુરત છે અને કુકર્મ માટે પ્રત્યેક પળ અશુભ મુરત છે. આ માર્મિક વાત જાણ્યા પછી 'મુરત જોવાની' પળોજણ છૂટી જાય છે. મુરત જોવાનું કામ મૂરખનું છે, કામ (કર્મ)ની ક્વોલિટી જોવાનું કામ સજજનનું છે. શુભ મુરતે શરૂ કરેલું દરેક કામ સફળ થવાની ગેરેન્ટી નથી અને અશુભ મુરતે શરૂ કરેલું કામ દરેક વખતે નિષ્ફળ જતું નથી. આ આપણા સૌનો અનુભવ છે. જરાક પાછાં પગલે પોતાની લાઇફમાં જઈને તટસ્થ અવલોકન કરીએ તો ખ્યાલ આવશે કે આપણે શુભ ચોઘડિયું અને શુભ મુરત જોઈને જે કામ આદર્યું હતું એ ખરેખર કેટલું સફળ થયું હતું અને એ કાર્યમાં કેટકેટલા અવરોધોનો સામનો કરવો પડયો હતો. જો શ્રેષ્ઠ મુરત દ્વારા જ સિદ્ધિ મળી જતી હોત તો જગતમાં કોઈ નિષ્ફળ અને નિરાશ હોત ખરું?

સારા મુરતમાં કરેલું કામ પણ નિષ્ફળ જાય ત્યારે આપણે ગયા જન્મનાં પાપકર્મોનાં ફળનું વાજું વગાડવા મંડી પડીએ છીએ. ગયા ભવનાં પાપકર્મો વર્તમાન ભવમાં આડાં આવે ખરાં? માત્ર અંધશ્રદ્ધાના આધારે કોઈ જવાબ ન આપવો જોઈએ. ક્યારેક તો એવુંય અચરજ જોવા મળે છે કે વ્યકિતને મળેલા સારા-નરસા રિઝલ્ટ માટે તેના વર્તમાન જન્મનાં કૃત્યોને જવાબદાર માનવામાં આવે છે. કોઈ માણસને ગંભીર રોગ લાગુ પડે ત્યારે કહેવાય છે કે એ માણસે તેનાં ઘરડાં મા-બાપને હડધૂત કર્યા હતાં, હરામની કમાણી બહુ ખાધી હતી એનું જ આ પરિણામ છે. એક સરકારી અધિકારીની કારને એક્સિડન્ટ થયો અને તેનો એકનો એક યુવાન પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે લોકો ખાનગીમાં કહેતા હતા કે એ સરકારી અધિકારીએ ભરપૂર લાંચ લીધી હતી, બેઈમાની કરી હતી એનું આ પરિણામ છે. આપણને પ્રશ્ન થાય કે બાપ બેઈમાન હોય તેની પનિશમેન્ટ એના પુત્રને મળે ખરી? અને જો એમ થાય તો કુદરતના કાનૂનમાં ઈન્સાફ છે એવું માનવાનું કોઈ જ કારણ રહે ખરૂં? એ સરકારી અધિકારીને તો એક્સિડન્ટમાં ખરોચ પણ નહોતી આવી. ગુનેગારને માફી અને નિર્દોષને સજા એવો શું કુદરતનો દસ્તૂર છે ? મેં એક શ્રધ્ધાળુ અને ધાર્મિક કહેવાતા મહાશયને આ પ્રશ્ન પૂછયો ત્યારે તેમણે જે ઉડાઉ જવાબ આપ્યો એ સાંભળો. એ મહાશયે કહ્યું કે કુદરતે ખરી સજા તો એ સરકારી અધિકારીને જ આપી છે. હવે આખી જિંદગી તેને પુત્રના વિરહમાં ગુજારવી પડશે. પુત્ર તો છૂટી ગયો અને અધિકારી રિબાશે. કુદરતનો ઈન્સાફ ઝટ સમજાય એવો નથી હોતો.

મેં એ મહાશયને કહ્યું, 'કુદરતના ઈન્સાફની વાત છોડો, મને તો તમારી અંધશ્રધ્ધા નથી સમજાતી. કુદરત જો એક્સિડન્ટ દ્વારા એ સરકારી અધિકારીને રિબાવવા માગતી હોય તો એ અધિકારીના જ હાથ-પગ ભાંગીને તેને અપંગ કરી દેવો જોઈતો હતો. તેને લાચાર અને ઢસરડા કરતો કરી નાખવો જોઈતો હતો. તેના દીકરાને શો વાંક હતો? તેને કુદરતે કેમ મારી નાંખ્યો ?'

પેલા મહાશય ફરી-ફરીને અંધશ્રધ્ધાના ખોળામાં બેસીને બોલ્યા, 'શકય છે કે એમાં તેના દીકરાનાં ગયા ભવનાં પાપ કારણભૂત હોય.'

બિરદાર, કયાંક તો અટકો ! કયાં સુધી આમ ખોટા રવાડે ભટકશો? સરકારી અધિકારીની પત્ની કયા કારણે લાઈફટાઈમ પુત્રના વિરહમાં વ્યથા પામવાની સજા પામી?

બસ, ચક્કર ચલાવ્યે રાખવાનાં. આધાર અને તર્ક વગરના ગપગોળા ગબડાવ્યે રાખવાના.

આ અધ્યાત્મ નથી, આ અધમ ચિંતન છે.

હમણાં ગયા અઠવાડિયે જ એક આચાર્ય સાધુ સાથે સહજ વાતચીતમાં મેં કહ્યું કે 'હું શુભ-અશુભ મુરતમાં માનતો નથી. ખરાબ ચોઘડિયાંમાં શુભ કાર્ય કરીને હું વારંવાર સફળ થયો છું.'

એ આચાર્યે મને જણાવ્યું કે, 'રોહિતભાઈ, કુદરતની સામે કદી ન પડશો. કુદરતની સામે બાથ ભીડવાથી બરબાદ જ થવાનો વારો આવે.'

મેં કહ્યું, 'મહારાજ, હું કયાં કુદરતની સામે બાથ ભીડી રહ્યો છું? કુદરતની સામે બાથ તો તમે ભીડી રહ્યા છો. તમે કુદરતને કહો છો કે તારાં અમુક ચોઘડિયાં સારાં છે અને અમુક ચોઘડિયાં ખરાબ છે. કુદરતના આયોજનમાં અંધશ્રધ્ધા તો તમે બતાવો છો. હું તો ઊલટાનો કુદરતનો છલોછલ આદર કરું છું કે હે કુદરત ! મને તારા પર ભરપૂર ભરોસો છે. તારી પ્રત્યેક પળ શુભ મુરત છે. તું મને જે સમયે જે કાર્ય કરવા પ્રેરણા આપે છે એ જ પળે હું એ કાર્ય કરવા ઉત્સુક છું. મુરત જોવાના બહાને વાયદા-વિલંબ કરવાનું કે અંધશ્રધ્ધામાં અટવાઈ જવાનું મને પસંદ નથી અને મંજુર પણ નથી. હું હંમેશાં તારો આદર કરીશ.'

એ આચર્યને મારી વાત ખૂબ ગમી ગઈ અને તેમના મુખમાંથી આનંદ સાથે ઉદ્ગાર સરી પડયો : નો પ્રોબ્લેમ.

# એ ડાઘિયો મરણ પામ્યો ત્યારે સૂરજ ડોશીએ એની બચતમાંથી હજાર રૂપિયા ખર્ચી એ પોળના નાકે એની સ્મૃતિમાં ખાંભી બનાવડાવી એની યાદ કાયમ માટે તાજી રાખી

## ડાઘિયો

- જય ગજ્જર

અમદાવાદ શહેરમાં વાણિયાઓની કહો કે શેઠિયાઓની કહો - એ પોળમાં વર્ષોથી એક ડાઘિયો કૂતરો રહેતો હતો. પાનાચંદ શેઠ ત્યાં રહેવા આવ્યા ત્યારે એમની સાથે લાવેલા. ડાઘિયો કુતરો પાડા પોળના જાણે રાજા હતો. પોળના બધા જ ઘરોની રખેવાળી કરતો. અજાણ્યા માણસની તાકાત નહિ કે પોળમાં ઘૂસી શકે. કારણ કે ગમે ત્યારે બસ ભસ્યા જ કરે. પણ સૂરજ ડોશીને જુએ અને ભસવાનું બંધ કરી દે.

એક વાર એ પોળમાં લાંબી દાઢીવાળો એક સાધુ આવ્યો. એને જોતાં જ કૂતરો ભસવા લાગ્યો. સાધુએ એના હાથની લાકડી ઊંચી કરી તો પણ એ કૂતરાઓ જોર જોરથી ભસવાનું ચાલું રાખ્યું. પોળનાં બધાં ડરી ગયા. પોળના એક ભાઇએ તરત જ મ્યુનિસિપાલિટીમાં ફોન કર્યો.

કૂતરાં પકડવાની વાન આવી પહોંચી. વાનને જોતાં એ કૂતરો કયાંક સંતાવાનું શોધવા લાગ્યો. દોડતો જઇને સૂરજડોશીના ઘરના પછવાડે પડેલી કચરા પેટીમાં બહુ ઊંડી હતી અને કૂતરો અંદર હાંફતો હતો. ડોશી પળમાં જ રહસ્ય સમજી ગઇ.

ઘરમાંથી દોરડું લાવી એક ફાંસો બનાવ્યો. કૂતરાના બે પગ ભરાવ્યા અને દોરડું ખેંચ્યું. કૂતરો સહી સલામત બહાર નીકળ્યો. ડોશીના સાડલાનો છેડો પકડી પૂંછડી પટપટાવી પોળમાં અદૃશ્ય થઇ ગયો.

એ પછીના થોડા દિવસે મધરાતે ડોશી ભર ઊંઘમાં હતા. બહુ ચાલાકીથી બે ચોર પાછળા દરવાજેથી ઘૂસ્યા. ડાઘિયાને કોણ જાણે કયાંથી ખબર પડી. એ ચોર જયાંથી ઘૂસેલા એ બારી પાસે બેસી ગયો. એક ચોર માલ લઇને જેવો બહાર નિકળ્યો કે એના જમણા પગે બચકું ભરી લોહીલુહાણ કરી દીધો. એવી જ દશા બીજાની કરી.

આસપાસના લોકો જાગી ગયા. પોલીસને ફોન કરી બોલાવ્યા. પોલીસ તાબડતોબ આવી પહોંચી.

બંને ચોરને હાથકડી પહેરાવી લઇ ગયા. કૂતરાને બહાદુરીના કામ બદલ મ્યુનિસિપાલિટીએ બહાદુરીનો એવોર્ડ આપ્યો.

સૂરજ ડોશીએ એ દિવસે એ પોળમાં ઘેર ઘેર પેડાં વહેંચ્યા. ડાઘિયા કૂતરા માટે ગરમાગરમ બે રોટલાં બનાવી એને દૂધ સાથે જમાડ્યો. જીવી ત્યાં સુધી રોજબપોરે ડાઘિયાને બે રોટલાં ખવડાવવાનો ક્રમ ચાલુ રાખ્યો. ડાઘિયો પણ રોટલા ખાઇ પૂંછડી પટપટાવી સૂરજ ડોશીને આભાર માનવાનું કદી ભૂલતો નહિ.

એ ડાઘિયો મરણ પામ્યો ત્યારે સૂરજ ડોશીએ એની બચતમાંથી હજાર રૂપિયા ખર્ચી એ પોળના નાકે એની સ્મૃતિમાં ખાંભી બનાવડાવી એની યાદ કાયમ માટે તાજી રાખી.

# પત્નીએ પતિ નારાજ થઈ જાય તેટલી હદે પિયરને મહત્ત્વ આપવું જોઈએ નહિ

## નારાજ નારી ગુણવંતી

- અનંત પટેલ

રીમા અને રાજેશને એવું લાગ્યું કે, તેમના મા-બાપ તેમનાં લગ્ન નહિ થવા દે, ત્યારે તેમણે ભાગી લઇને સિવિલ મેરેજ કરી લીધા. બંને વયસ્ક હતાં એટલે કાયદાની જોગવાઇઓ આગળ તેમનાં મા-બાપ કશી કાનૂની કાર્યવાહી ન કરી શક્યા, વળી અન્યત્ર જેમ બને છે તેમ આ કિસ્સામાં પણ રીમાના મમ્મી-પપ્પાએ એકની એક દીકરીના પ્રેમ માટે નમતું જોખીને દીકરીએ પસંદ કરેલાં જમાઇ રાજેશને સ્વીકારી લીધો. રાજેશને સારી નોકરી હતી અને થોડાક દિવસોમાં રીમાને પણ જોબ મળી ગઇ, બંનેને એક જ શહેરમાં જોબ હતી એટલે ધીમે-ધીમે સારી રીતે સેટલ થઇ રહ્યાં હતા. પરંતુ રાજેશને હજુ મનમાં પોતાનાં મા-બાપને દૂભવ્યા હોવાનો અહેસાસ થતો હતો, એટલે તો કયારેક-કયારેક ઊંડા વિચારોમાં ખોવાઇ જતો. રીમા રાજેશને આવી રીતે ચિંતામાં ડૂબેલો જૂઓ એટલે તેના મનને બીજે કયાંક ડાયવર્ટ કરવા એ પોતાના પિયરમાં જવાનો કાર્યક્રમ બનાવતી.

- આમ રીમા ધીમે-ધીમે રાજેશને પોતાના પિયરનાં લકોના નાના-મોટા પ્રસંગોમાં જોડતી જ ગઇ, તેની આ પદ્ધતિ એટલી બધી વધી ગઇ કે તે રાજેશને અમુક સમયે કઠવા લાગી હતી, પણ એ ય બિચારો શું કરી શકે? એના મમ્મી-પપ્પાએ તો એની સાથેનો સંબંધ જ કાપી નાખ્યો હતો એટલે તેના બીજા ભાઇઓ કે કુટુંબીઓ પણ તેની સાથે સંબંધ રાખતા ન હતા... આમ ને આમ એક વર્ષ પૂરું થઇ ગયું. રીમા રાજેશને તેના પિયર તરફ વધુને વધુ ખેંચે જતી હતી, હવે તો એવું પણ બનતું કે રીમાના મમ્મી બિમાર પડે તો રીમા નોકરીમાં રજા મૂકીને અઠવાડિયા સુધી તેની સેવામાં જ રહેતી, તે રાજેશનું પૂરતું ધ્યાન પણ ન રાખતી, કયારેક તો રાજેશને તેની સાસરીમાં અપમાન જેવું પણ લાગતું. છતાં રાજેશ પોતાના રીમા પ્રત્યેના પ્રેમને કારણે એ બધું જ વેઠે જતો હતો... પરંતુ દરેક વસ્તુની કોઇ સીમા હોય છે, રાજેશની બધી ચિંતાઓ અચાનક અંત આવ્યો હોય તેમ એક દિવસ તેના મમ્મી-પપ્પા તેને લેવા માટે આવી પહોંચ્યા. રીમાને તો આ બધું આકસ્મિત આશ્ચર્યજનક લાગ્યું. છતાં તેને વહુની ફરજ બજાવી તેમને પગે લાગી આશીર્વાદ માગ્યા. રાજેશ તો મમ્મી-પપ્પાને ભેટી પડ્યો ને જાણે પોતાની ભૂલનો પસ્તાવો કરતો હોય તેમ ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યો.

રાત્રે મમ્મી-પપ્પાને સારી રીતે જમાડ્યાં. રાજેશ આજે ખૂબ જ પ્રસન્ન જણાતો હતો. રાજેશ તો મમ્મી-પપ્પાએ તેના લગ્નને સ્વીકારી લીધું છે એ જાણીને રાજી-રાજી થઇ ગયો હતો... બીજા દિવસે તેણે અને રીમાએ એક અઠવાડિયાની રજા મૂકી અને મમ્મી-પપ્પા તેમજ કુટુંબીજનોને મળવા તે નીકળી પડ્યાં...

રીમાને રાજેશનાં મા-બાપમાં આમ અચાનક આવેલું પરિવર્તન સમજાતું ન હતું. પણ એ એને કયાંથી સમજાય? છેલ્લે એ જયારે તેનાં પિયરમાં રાજેશને એકલો મૂકીને જતી રહી હતી ત્યારે કંટાળેલા રાજેશે પોતાના મમ્મી-પપ્પાને ખાનગીમાં મળીને પોતાના લગ્ન સંબંધને સ્વીકારી લેવા સમજાવ્યા હતાં, એટલે છેવટે તો માવિતર કમાવિતર ન થાય એ ન્યાયે રાજેશનો પ્રશ્ન ઉકલી ગયો હતો. કહેવાનું તાત્પર્ય એ છે કે, પત્નીએ પતિ નારાજ થઇ જાય તેટલી હદે પિયરને મહત્ત્વ આપવું જોઇએ નહિ.

- anantpatel135@yahoo.com